# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

## અરજીપત્રકોના રજીસ્ટ્રેશન અંગેની સુધારા જાહેરાત

## જા. ક્ર. ૧૩૩/૨૦૧૭૧૮ થી ૧૩૭/૨૦૧૭૧૮

મંડળ દ્વારા મંડળ દ્વારા સચિવાલયના જુદા જુદા વિભાગોના નિયંત્રણ હેઠળના ખાતાના વડાઓ હસ્તકના જુદા જુદા તાંત્રિક સંવર્ગોની સીધી ભરતીથી ભરવાની જગ્યાઓ ભરવા માટે તા. ૨૬/૦૭/૨૦૧૭ ના રોજ સંયુકત જાહેરાત ક્રમાંકઃ ૧૩૩/૨૦૧૭૧૮ થી ૧૩૭૨૦૧૭૧૮ પ્રસિદ્ધ કરી લાયક ઉમેદવારોના ઓન-લાઇન અરજીપત્રકોના રજીસ્ટ્રેશનની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. જેની કાર્યવાહી ચાલુ છે તે દરમ્યાન રાજયના કેટલાક જીલ્લાઓમાં ( ખાસ કરીને બનાસકાંઠા અને પાટણ જીલ્લાઓમાં) થયેલ અતિવૃષ્ટિની પરિસ્થિતિને કારણે ઉમેદવારો નિયત સમયમર્યાદામાં રજીસ્ટ્રેશન કરી શકે તેમ ન હોવાથી ઉકત જાહેરાતો અન્વયેના અરજીપત્રકોના રજીસ્ટ્રેશન માટેની છેલ્લી તા. ૦૮/૦૮/૨૦૧૭ નિયત કરવામાં આવેલ હતી તે હવે તા. ૧૯/૦૮/૨૦૧૭ સુધી લંબાવવામાં આવે છે. તેમજ પરીક્ષા ફી ભરવાની છેલ્લી તા. ૧૧/૦૮/૨૦૧૭ હતી જે હવે તા. ૨૩/૦૮/૨૦૧૭ સુધીની રહેશે. જેની સંબંધિત ઉમેદવારોએ જરૂરી નોંધ લેવી.

**નોંધ** - (૧)આ સુધારા જાહેરાત અન્વયે વય મર્યાદા, શૈક્ષણિક લાયકાત માટેની **CUT OFF DATE** (તમામ ઉમેદવારો માટે) અગાઉ તા. ૨૬/૦૭/૨૦૧૭ ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ જાહેરાતમાં દર્શાવ્યા પ્રમાણેની તા. ૦૮/૦૮/૨૦૧૭ રહેશે.

(૨) આ સુધારા જાહેરાત અન્વયે શા.શૈ.પ. વર્ગના ઉમેદવારો માટે નોન-ક્રીમીલેયર સર્ટીની નિયત તારીખ ૨૩/૦૮/૨૦૧૭ રહેશે. એટલે કે નોન ક્રિમીલેયર સર્ટી તા. ૦૧/૦૪/૨૦૧૬ થી તા. ૨૩/૦૮/૨૦૧૭ સુધીમાં મેળવેલ હશે તો તે માન્ય ગણાશે.

**(3) આ સુધારા જાહેરાત અન્વયે જા.ક્ર. ૧૩૩/૨૦૧૭૧૮ થી ૧૩૭/૨૦૧૭૧૮ ના તમામ ઉમેદવારો માટે તા. ૨૬/૦૭/૨૦૧૭ ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ મૂળ જાહેરાતમાં વર્ણવ્યા મુજબની અન્ય તમામ સૂચનાઓ અને શરતો યથાવત રહેશે. જેની સંબંધિત ઉમેદવારોએ જરૂરી નોંધ લેવી.**

સ્થળઃ- ગાંધીનગર
તારીખ- ૦૫/૦૮/૨૦૧૭

સચિવ
ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ
ગાંધીનગર